ઈલેક્શન કાઉન્ટ-ડાઉન
VOTE 01
દિવસ બાકી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૪૭ | ૨૯ એપ્રિલ, ૨૦૧૪, મંગળવાર; ચૈત્ર વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ગાંધીનગરના ગગનમાંથી અગનવર્ષા

## સતત બીજા દિવસે હીટવેવ : શહેરમાં સ્વયંભૂ કરફ્યુ જેવો માહોલ : લઘુત્તમ તાપમાન ૨૭.૦ ડિગ્રી



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર સહિત સમગ્ર ગુજરાતમાં સતત બીજા દિવસે હીટવેવની અસર રહી છે. ચૈત્રી દનિયા ધગધગતા આજે મહત્તમ તાપમાન ૪૩.૨ ડિગ્રીએ પહોંચ્યું હતુ. આકાશમાંથી અગનગોળા વરસતા શહેરમાં જાણે સ્વયંભુ કરફ્યુ જેવો માહોલ સર્જાયો છે. લઘુત્તમ તાપમાન ૨૭.૦ ડિગ્રી જેટલુ ઉંચુ રહેતા રાત્રે પણ વસાહતીઓને ગરમીથી રાહત મળી ન હતી.

આખુ ગુજરાત જાણે આગની ભટ્ઠી જેવુ બની ગયું છે. આકાશમાંથી સતત વરસી રહેલા આગના ગોળા જેવો તડકો અસહ્ય બની રહ્યો છે. મનુષ્ય સહિત પશુપંખીઓ અને સમગ્ર જીવસૃષ્ટિ આકરી ગરમીમાં હેરાન પરેશાન થઈ રહ્યા છે. રવિવારે મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રી સુધી પહોંચ્યું હતુ તો સોમવારે તેમાં એક ડિગ્રી જેટલો વધારો થયો હતો અને મહત્તમ તાપમાન મૌસમનુ સૌથી વધુ ૪૩.૨ ડિગ્રી રહ્યુ હતુ.

રવિવારે આખો દિવસ પડેલી આકરી ગરમીની અસર છેક મોડી રાત સુધી રહી હતી. ખુબ બફારો રહેતા વસાહતીઓએ અગાસી કે આંગણામાં ડેરો જમાવ્યો હતો. ફુલ સ્પીડે એસી અને કુલર આખી રાત ફર્યા હતા. સોમવારે સવારે સુર્યોદય સાથે જ આકરી ગરમી પડવા માંડી હતી. સવારનો તડકો પણ અકળાવતો હતો. દસ વાગ્યા સુધીમાં તો સૂર્ય આગના ગોળાની જેમ તપી જતા ઘરના બારી-બારણા બંધ કરી દેવાની ફરજ પડી હતી. બપોરે બાર વાગ્યે તો માર્ગો જાણે સાવ સુમસામ બની ગયા હતા. શહેરમાં સ્વયંભુ કરફ્યુ જેવો માહોલ સર્જાયો હતો. એકલદોકલ વાહનચાલકો માટે રૂમાલ, હાથમોજા તથા ટોપી પહેરીને બહાર ફરતા જોવા મળ્યા હતા. બસોમાં અને બજારોમાં એકલ-દોકલ વ્યક્તિ સિવાય કોઈ જોવા મળ્યા ન હતા. ઘરાકી ન મળતા અને ભારે ગરમીના કારણે ઘણા વેપારીઓએ વેપાર ધંધા બંધ રાખ્યા હતા. ફેરીયાઓએ પણ બે-ચાર કલાક માટે ધંધો બંધ રાખ્યો હતો. સતત બીજા દિવસે પડેલી આકરી ગરમીએ વસાહતીઓને હેરાન પરેશાન કરી મુક્યા છે. ઠંડા પીણા અને બરફ ગોળાની લારીઓ પર મોડી રાત સુધી ભારે ભીડ જોવા મળી હતી. ગરમીથી રાહત મેળવવા માટે લોકો અહીં ટોળે વળ્યા હતા. પાણી અને વિજળીની ખપત વધી ગઈ છે. હજુ બે દિવસ આકરી ગરમી પડવાની આગાહી હવામાન વિભાગે વ્યક્ત કરી છે. ભેજનું પ્રમાણ સવારે ૪૬ ટકા અને સાંજે ૧૩ ટકા રહ્યુ હતું.

# વી.વી.પેટની ખોટી ફરિયાદ કરનાર સામે પોલીસ ફરિયાદ કરાશે

## મતદાન ધીમુ પડવાનો ભય તંત્રને સતાવી રહ્યો છે : એક મિનિટમાં 3 જ મતદારો મતદાન કરી શકશે તેવુ અનુમાન

ગાંધીનગર, તા. ૨૮

વી.વી. પેટને લઈ ખોટી ફરિયાદો કરનાર સામે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવશે તેવી કડક ચીમકી આજે જિલ્લા કલેક્ટર અને ચૂંટણી અધિકારી શ્રી પી. સ્વરૂપે આપી છે.

જિલ્લાના ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં પહેલીવાર વી.વી. પેટનો ઉપીયોગ થઈ રહ્યો છે. આ ઉપીયોગ પ્રથમવાર થતો હોવાથી મતદાન ધીમુ પડે તેવા પ્રયાસોના ભાગરૂપે ખોટી ફરિયાદો મતદારો દ્વારા કરાય તેવી સંભાવનાઓને પગલે પંચે ખોટી ફરિયાદ કરનાર મતદાર સામે પોલીસ ફરિયાદ દાખલ કરવાની સૂચના આપી છે તેમ તેમણે જણાવ્યુ હતુ.

આખા દેશમાં માત્ર સાત લોકસભા બેઠક પર જ વી.વી. પેટનો


● અનુસંધાન પાન-૭ પર


# પાંચ કેન્દ્રીય અનામત દળની કંપનીઓ પણ ફરજ બજાવશે

## પેરા-મિલટરી કંપનીએ આજે ફ્લેગ માર્ચ કરી છે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં મતદાન શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તે કક્ષાના અધિકારી દ્વારા કરવામાં આવશે તેમ પણ તેમણે જણાવી કહ્યુ હતુ કે ખાસ પોલીસ ઈન્સ્પેક્ટર કક્ષાના અધિકારીઓ



માટે પાંચ સેન્ટ્રલ પેરામિલીટરી ફોર્સની કંપનીઓ સહિત ૨૭૦૦ થી પણ વધુ પોલીસ કર્મીઓ ફરજ બજાવશે.

જિલ્લા પોલીસ વડા શ્રી શરદસિંઘલે આજે પત્રકારોને જણાવ્યુ હતુ કે જિલ્લાના દરેક વિધાનસભા મતવિસ્તાર દીઠ એક ક્વીક રિસપોન્સ ટીમની પણ રચના કરવામાં આવી છે. આ ઉપરાંત પોલીસ સબ ઈન્સ્પેક્ટરના નેતૃત્વમાં ઝોનલરૂટ પર પોલીસ સતત ફરતી રહેશે.

તેમણે જણાવ્યુ હતુ કે ૧૦૦ નંબરના ફોન માટે વધારાની ત્રણ નવી લીંક લાઈનો પણ કાર્યરત કરવામાં આવી છે.

દરેક વિધાનસભા દીઠ સતત સુપર વિઝનની જવાબદારી ડી.વાય.એસ.પી. પણ વધારાની ફરજ પર મુકવામાં આવ્યા છે. સેન્ટ્રલ પેરા મીલેટ્રી ફોર્સની આવેલી કંપનીઓ દ્વારા આજે ફલેગ માર્ચ પણ કરવામાં આવી છે.

તેમણે જણાવ્યુ હતુ કે જિલ્લામાં આચારસંહિતા લાગુ થઈ ત્યારથી આજ સુધીમાં રૂ. ૧૩ લાખથી વધુ મત્તાનો દેશી તથા અંગ્રેજી દારૂનો જથ્થો પકડી પાડવામાં આવ્યો છે.

જુદા જુદા અટકાયતી ધારાની જોગવાઈઓ મુજબ ૧૪૭૯ વ્યક્તીઓ સામે પગલાં પણ લેવામાં આવ્યા છે. તેમણે જણાવ્યુ હતુ કે તડીપાર માટે ૫૬ જેટલી દરખાસ્તો જિલ્લા તંત્રને મોકલવામાં આવી હતી જેમાંથી ૬ વ્યક્તીઓને તડીપાર કરવાના હુકમો જારી કરી દેવામાં આવ્યા છે.

બે વ્યક્તીઓ સામે પાસાનુ શસ્ત્ર પણ ઉગામવામાં આવ્યું છે. આ ઉપરાંત હોટલ રેસ્ટોરન્ટ સહિતના સ્થળોની તપાસ પણ આજથી સઘન રીતે કરવામાં આવશે. શ્રી સિંઘલે જણાવ્યુ હતુ કે પાંચ ફલાઈંગ સ્કવોડ અને ૧૫ સ્ટેટીક સર્વેલન્સ ટીમો દ્વારા પણ વાહનોની ચકાસણીની કામગીરી કરવામાં આવી રહી છે.


FOR RENT
Office No. 302,
"ZAVOD"
Nr. Sargasan Chowkdi,
Gandhinagar
Contact No.
99242 25333
76980 25333




